# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જુનાગઢ જિલ્લો, જુનાગઢ
## ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ કાઢેલ હુકમ

નં.એમએજી/સી/૩૬૩૪/૨૦૧૩ તા. ૮ /૦૭/૨૦૧૩

**–// હુ ક મ //–**

પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંકઃસી/એલઆઈબી/જા.નામુ/મકાન/૨૦૯૩/૨૦૧૩, તા.૫/૭/૨૦૧૩ ના પત્રથી ત્રાસવાદી / અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય છે અને જાહેર તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે છે. બહારના રાજયોમાંથી કે દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી સમગ્ર જિલ્લામાં કોઈ મકાન માલિક સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહી તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરાયેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર તથા સોમનાથ આવેલા છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ–પર્યટનના તથા ઘણા ધાર્મિક સ્થળો આવેલા છે. જયાં વિશાળ પ્રમાણમાં દેશ–વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે.આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કોઈ વ્યકિત સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું એ.વી.વાઢેર, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો, જુનાગઢ., ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અનુ. | મકાન માલિકનું નામ, સરનામુ અને ટેલીફોન / મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં કયા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનુ બાંધકામ કેટલા ચો.મી. માં છે તેની વિગત | મકાન ભાડે આપવા સતા ધરાવતા વ્યકિતનું નામ, સરનામુ ટેલીફોન / મોબાઈલ નંબર | મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલુ છે ? | જે વ્યકિતને મકાન ભાડે આપેલ છે તેનુ પુરૂં નામ, હાલનુ સરનામું, ટેલીફોન / મોબાઈલ નંબર ફોટા સાથે | જે વ્યકિતને મકાન ભાડે આપેલ છે તેમના મુળ વતનનુ પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામા | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામું ટેલીફોન / મોબાઈલ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| | | | | | | | |
| | | | | | | | |

... ૨ ...

**આ હુકમ તા.૧૦/૭/૨૦૧૩ થી તા.૭/૯/૨૦૧૩ સુધી (બન્ને દિવસો સહિત) દિવસ–૬૦ માટે અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તારીખ–૮ માહે:–મે, સને–૨૦૧૩ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

(અે.વી.વાઢેર)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જૂનાગઢ.

**રવાના :–**

૧) પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ.
જાહેરનામાની વધારાની ૩૫ નકલો આ સાથે સામેલ છે. તો આપના તાબાની તમામ પોલીસ ઈન્સ્પેકટરને મોકલી આપવા તથા બહોળી પ્રસિધ્ધિ કરાવવા તથા પ્રસિધ્ધીનો દાખલો દફતરે રાખી જાહેરનામાની અમલવારી કરાવવા વિનંતી છે.

૨) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, વેસ્ટર્ન રેલ્વે, જૂનાગઢ.

૩) કમીશ્નરશ્રી, જૂનાગઢ મહાનગરપાલીકા, જૂનાગઢ.

૪) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જૂનાગઢ, વેરાવળ, કેશોદ વિસાવદર, મેંદરડા, ઉના

૫) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ, વેરાવળ, કેશોદ, માંગરોળ.

૬) મામલતદારશ્રી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ–વિસાવદર–ભેંસાણ–વંથલી–માણાવદર–વેરાવળ–તાલાળા–સુત્રાપાડા–કોડીનાર–ઉના–કેશોદ–માંગરોળ–મેંદરડા–માળીયા.

૭) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા/બરો – કેશોદ, વેરાવળ, ઉના, માંગરોળ, વિસાવદર, કોડીનાર, તાલાળા, સુત્રાપાડા, વંથલી, માણાવદર, બાંટવા, ચોરવાડ.
---ક્રમ : ૨ થી ૭ :– જાહેરનામુ પ્રસિધ્ધીનો દાખલો કચેરીના રેકર્ડ પર રાખવા તથા અમલવારી કરવા અર્થે.

૮) નાયબ માહિતી નિયામકશ્રી, માહિતિ ખાતુ, જુનાગઢ.
– સમાચાર પત્રોમાં પ્રેસનોટ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધી કરાવી કચેરીના રેકર્ડ પર રાખવા અર્થે.

૯) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
હુકમની નકલ આ સાથે છે તો તેની ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા તેની પાંચ નકલો તુરંત જ આ કચેરીના રેકર્ડ સારૂ મોકલી આપવા સારૂ.

૧૦) શાખા અધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા. – ગેઝેટ મેળવી આ જાહેરનામાની પાછળ રાખી કાયમી રેકર્ડ તરીકે રાખવા અર્થે.

**નકલ સવિનય રવાના :–**

૧) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે) ગુજરાત રાજય, ગાંધીનગર.

૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી, જુનાગઢ વિભાગ, જુનાગઢ.

**નકલ :–** આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.